# ડૉ. આંબેડકર
# જીવન અને સંઘર્ષ




લેખક

ડૉ. ખન્નાપ્રસાદ કે. અમીન

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | કે. એસ. પબ્લિકેશન<br>૩૧, ન્યૂ રાજીવનગર,<br>સેમરા કલા ચાંદવડ,<br>ભોપાલ - ૪૬૨૦૧૦ (મધ્યપ્રદેશ) |
| ISBN | : | 978-93-81428-91-7 |
| (C) | : | લેખક |
| પુસ્તક | : | ડૉ. આંબેડકર જીવન અને સંઘર્ષ |
| સંસ્કરણ | : | ૨૦૧૨ |
| કિંમત | : | ૫૦ |
| શબ્દ સંયોજન | : | પિન્ટૂ પરિહાર |
| મુદ્રક | : | અક્ષય ઈન્ટરપ્રાઈસેસ, ભોપાલ |
| ભારતમાં મુદ્રિત | : | |

**Dr. Ambedkar Jeevan Aur Sangharsh**
**By : Dr. Khannaprasad K. Amin**

## શ્રી ક્રિષ્ણા કેળવણી મંડળ
## અને
## કેસરબા સેવા ટ્રસ્ટ, તાલોદ
## તરફથી




## ‘બહુજન સમાજ’ ને સહર્ષ અર્પણ

# સંદેશો

ડૉ. બાબાસાહેબની કાર્યશીલતાનો લાભ ઉઠાવતા બહુજન સમાજ સહિત સૌ કોઈ પાસે તેમની પ્રશંસા કરવા કે આભાર વ્યક્ત કરવા કોઈ શબ્દ નથી. સમગ્ર વિશ્વના અગણિત લોકોએ તેમને માન-સન્માન અને પ્રશંસાના ઉદ્‌ગારોથી નવાજ્યાં છે. પોતાનામાં રહેલી યોગ્યતા, પાત્રતા, સમાજ પ્રત્યે પોતાનું ઋણ અદા કરવા તેઓ હર હંમેશ તત્પર રહ્યા છે. ત્યારે આજે સમગ્ર બહુજન સમાજે તેમના કાર્યોને બિરદાવ્યા છે. તેમણે ઘણો બધો સંઘર્ષ કરી અને આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં પણ વિદેશમાં જઈને ડૉ. બાબાસાહેબે ઉચ્ચ ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. ડૉ. બાબાસાહેબના જ અથાગ પ્રયત્નોથી આજે આપણને અનેક પ્રકારના લાભો મળી રહ્યા છે અને હજુ પણ આપના સમાજની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવયુવકોએ ડૉ. બાબાસાહેબે જે માર્ગ બતાવ્યો છે. તે પ્રમાણે ચાલવા કટિબદ્ધ બનવું જોઈએ. ડૉ. બાબાસાહેબના જીવનમંત્રને જોતા :

''महान बनो और अन्य मनुष्यों में होनेवाली महानता तुम्हारी महानता से मिलने के लिए उठ खडी होगी ।''

આ જીવનમંત્રને સિદ્ધ કરવા આપણે મહાનતાના ગુણને વિકસાવવા સતત પ્રયત્ન કરવો જોઈએ અને બુદ્ધિપૂર્વકનો સંઘર્ષ કરી આપણા અધિકારો પ્રાપ્ત કરવા જોઈએ.

ડૉ. બાબા સાહેબનું જીવન ચરિત્ર્ય સંક્ષિપ્ત રૂપે પ્રગટ કરી ડૉ. ખન્નાપ્રસાદ અમીન સમાજ પ્રત્યેના ઋણને અદા કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જે આવકાર દાયક છે. તેઓના આ પુરૂષાર્થ નવી પેઢી માટે એક પ્રેરણાબળ પુરુ પાડશે. એવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

'જય ભીમ'

**પ્રો. કાન્તિભાઈ એસ. ડેડૂણ**
**કોલેજ ઓફ એજ્યુકેશન,**
**દરામલી, (હે.ઉ.ગુ.યુનિ.પાટણ)**

# લેખકના બે બોલ

સમગ્ર ભારત વર્ષના જ નહીં, પરન્તુ સમગ્ર વિશ્વના દલિતોના ઉદ્ધારક તરીકે ખુદ ઈશ્વરે જ માનદેહ રૂપી અવતાર ધર્યો જેનું નામ જ ડૉ. આંબેડકર.

ભારતરત્ન, દલિતોના નેતા, ભારતના બંધારણના ઘડવૈયા, દલિત પિતા ડૉ. આંબેડકરનું જીવન એક સંઘર્ષરત હતું. તેમણે દલિત સમાજની કાયાપલટ કરવામાં મહત્વનું કામ કર્યું. તેમના સંઘર્ષશીલ વિચારોથી સમગ્ર દલિત સમાજના બંધુઓમાં સમાજ પ્રત્યે કંઈક ભોગ આપવાની ભાવના જન્મેએ હેતુથી આ પુસ્તિકા પ્રકાશિત કરવાનું કામ હાથ ધર્યું છે.

ડૉ. આંબેડકરની મુખમુદ્રા જોતાં ભલભલાને ઈર્ષાભાવ પેદા થાય તેવા આ દલિત નેતા હતા. ખરેખર દલિત બંધુઓ આજે જે સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે તે ડૉ. આંબેડકર ના હોત તો... ? માટે નોકરી મળતાં શ્રી સત્યનારાયણની કથા અથવા ભાગવત કથા કરવાની જરૂર નથી પરન્તુ ડૉ. આંબેડકર જીવન પારાયણ, રાખવું જોઈએ. જેથી તેમના જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગોથી દલિત નવયુવકોને પ્રેરણા મળે અને કંઈક પોતાના માટે, સમાજ માટે કરી છૂટવાની ભાવના પેદા થાય. તેમના ગુણો આપણે જીવનમાં ઉતારીએ તેમના અગણિત અને સમૃદ્ધ વિકસાવેલા અનુભવોમાંથી કંઈક શીખીએ, તો નિઃશંક જીવનની સફળતાને વરી ઝડપી પ્રગતિ સાધી શકીએ. કાર્યોને માત્ર વિચારમાં નહિ પરન્તુ આચારમાં મૂકીએ તો આપણે પણ કંઈક પામી શકીએ. સાથે-સાથે સમગ્ર ભારતવર્ષમાં બહુજનસમાજની સ્થિતિ ધીરે-ધીરે કથળતી જાય છે ત્યારે સમાજે સંગઠન કેળવી, શિક્ષણ મેળવી પ્રગતિ કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે. આ હેતુને સિદ્ધ કરવા આ નાનકડી પુસ્તિકા પ્રકાશિત કરી છે.

આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌ મિત્રો અને વડીલો પ્રતિ આભાર વ્યક્ત કરું છું.

'જય ભીમ'

**ડૉ. ખન્નાપ્રસાદ અમીન**

# ડૉ. આંબેડકરનું જીવન

## -: જન્મ સ્થળ :-

ભારતીય હિન્દુ સમાજમાં ચાતુર્વણના કારણે અનેક પ્રકારના સામાજીક અન્યાયો અને અત્યાચારોના વિરોધમાં અનેક ભારતીય સમાજ સુધારકોએ પ્રયત્નો કર્યા હતા, પરન્તુ દલિત પિતા રામજી શકપાલ અને ભીમાબાઈ ના ચૌદમા સંતાન તરીકે જન્મેલા આંબેડકરે જે સામાજિક સંઘર્ષો કર્યા તે આજે વર્તમાનયુગમાં પણ અવિસ્મરણીય છે.

આંબેડકરનો જન્મ ૧૪ મી એપ્રિલ ઈ.સ. ૧૮૯૧ માં મધ્યપ્રદેશની મહુની લશ્કરી છાવણીમાં અછૂત ગણાતા મહાર પરિવારમાં થયો હતો. ભીમરાવના પિતાશ્રી સુબેદાર રામજી માલોજી શકપાલ મીલટરીમાં સૂબેદારના હોદ્દા ઉપર હતા. તેમણે આંબેડકરના જીવન ઘડતરમાં શરૂઆતથી જ વિશેષ રસ લીધો હતો.

## -: પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ :-

આંબેડકરે પોતાનું પ્રાથમિક શિક્ષણ સતારામાં પૂરું કર્યું હતું અને મોટાભાઈ આનંદરાવ સાથે હાઈસ્કૂલમાં એડમીશન લીધું હતું. ભીમરાવના પિતાશ્રીની અટક શકપાલ હતી. તેઓ મૂળ મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાના અંબાવાડેકર ગામના રહેવાસી હતા. તેથી શાળામાં ભીમરાવની અટક અંબાવાડેકર રાખવામાં આવેલ હતી પરન્તુ શાળાના એક બ્રાહ્મણ શિક્ષક ભીમરાવને ખૂબ વહાલ કરતા હતા. તેમની અટક આંબેડકર હતી તેથી તેમણે ભીમરાવની અટક શાળાના રજીસ્ટરમાં સુધારીને અંબાવાડેકરને બદલે આંબેડકર કરી દીધી હતી. વિદ્યાર્થી તરીકે ભીમરાવનું જીવન અત્યન્ત કષ્ટદાયક હતું. અસ્પૃશ્ય ગણાતી જાતિમાં જન્મ થયો હોવાથી શાળાના વર્ગના બીજા બાળકોથી એમને અલગ બેસાડવામાં આવતા. ભીમરાવના પિતા નિવૃત્ત થઈને મુંબઈમાં રહેવા આવ્યા તેથી હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું અને સને ૧૯૦૭ માં મેટ્રિક પરીક્ષા પાસ કરી.

ભીમરાવ દલિત સમાજના મેટ્રિક પાસ થનાર પ્રથમ વિદ્યાર્થી હતા. મેટ્રિક પરીક્ષા પાસ કરવાને લીધે ભીમરાવને સ્વયં તો ખૂબ હર્ષ થયો હતો જ પરન્તુ આજુબાજુના લોકોના હૃદયમાં આનંદની લાગણી પેદા થઈ હતી. ડબક ચાલના રહેવાસીઓએ એસ.કે. બોલેની અધ્યક્ષતામાં એક સમારંભ યોજ્યો, જેમાં મરાઠી ભાષાના વિદ્વાન લેખક દાદા કેલુસ્કર પણ હાજર રહ્યા અને બીજા વક્તાઓએ યુવાન ભીમરાવની મેટ્રિક પાસ કરવાની મહેનતનાં ભારે વખાણ કર્યા હતાં.

## -: લગ્ન :-

ભીમરાવે મેટ્રિક પાસ કર્યા પછી સમાજના રૂઢિચુસ્ત રિવાજના કારણે તેમના લગ્ન 'રામી' નામની કન્યા સાથે કરવામાં આવ્યું. જેનું આંબેડકરે પાછળથી 'રમાબાઈ' નામ રાખ્યું. આ લગ્નોત્સવ બહું જ અનોખો હતો. ડબકચાલ પાસેની એક માર્કેટ પાસે સાંજના વર અને કન્યા પક્ષના લોકો અલગ - અલગ ખૂણામાં બેઠા. માર્કેટ બંધ થઈ હોવાથી પથ્થરની બનાવેલી બેઠક ઉપર વરરાજાને બેસાડી લગ્ન વિધિ કરવામાં આવેલી અને રાતોરાત લગ્નવિધિ પતાવી દેવી પડેલી કારણ કે વહેલી સવારે તો શાકભાજીવાળાઓ દુકાન માંડવા આવવાના હતા. આ ઉપરાંત ૧૫ મી એપ્રિલ ૧૯૪૮ માં ડૉ. આંબેડકરે ડૉ. શારદા કબીર નામની બ્રાહ્મણ યુવતિ સાથે લગ્ન ગ્રંથિથી જોડાયા.

## -: કૉલેજ શિક્ષણ :-

ભીમરાવના ઉચ્ચ અભ્યાસ માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપની વ્યવસ્થા કરી અને ભીમરાવે મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં એડમીશન મેળવ્યું. ઈ.સ. ૧૯૧૨ માં એમણે બી.એ.ની અંગ્રેજી વિષય સાથે પરીક્ષા પાસ કરી. બી.એ. થયા પછી ભીમરાવે પોતાના પિતાની ઈચ્છા વિરુદ્ધ વડોદરાના મહારાજા ગાયકવાડના લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકેની નોકરી સ્વીકારી લીધી હતી. પરન્તુ પંદર દિવસ નોકરી કર્યા પછી પિતાજીની માંદગીના સમાચાર મળતાં ભીમરાવ તરત જ મુંબઈ જવા તૈયાર થયા પણ જ્યારે મુંબઈ પહોંચ્યા ત્યારે પિતા અંતિમ ઘડીઓ ગણતા હતા. પુત્રને આવેલો જોઈને તેઓને સંતોષ થયો. અને તા. ૨ ફેબ્રુઆરી ૧૯૧૩ ના રોજ તેઓનું અવસાન થયું.

ભીમરાવની માતા તો એમની નાની ઉંમરે જ મરણ પામ્યા હતાં પરન્તુ પિતાના અવસાનથી ભીમરાવે પોતાનું શિરછત્ર ગુમાવી દીધું હતું.

આ સમયમાં વડોદરાના મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડે કેટલાક તેજસ્વી અછૂત વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે અભ્યાસ માટે અમેરિકા મોકલવાનું નક્કી કર્યું હતું. આથી તેમાં તેમણે ભીમરાવની પસંદગી કરી હતી. તેથી ૧૯૧૩ના જુલાઈના ત્રીજા અઠવાડિયામાં ભારતનો એક અછૂત વિદ્યાર્થી ન્યૂયોર્ક પહોંચી ગયો. તેમણે અમેરિકાની પ્રખ્યાત કોલંબિયા વિશ્વવિદ્યાલયમાંથી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫ માં કોલંબિયા વિશ્વવિદ્યાલયની એમ.એ. અર્થશાસ્ત્ર ની પદવી પ્રાપ્ત કરી. ઈ.સ. ૧૯૧૬માં એમણે પી.એચ.ડી. માટે 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થ વ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ કોલંબિયા વિશ્વવિદ્યાલયમાં રજૂ કર્યો. ભીમરાવ

આંબેડકર હવે ડો. આંબેડકર તરીકે ઓળખાવા લાગ્યા.

અમેરિકામાં એમ.એ. અને પી.એચ.ડી.ની ઉચ્ચ ઉપાધિઓ પ્રાપ્ત કર્યા પછી ડો. આંબેડકરે લંડનની વિશ્વવિખ્યાત લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં એમણે એડમીશન મેળવ્યું પરન્તુ પ્રતિકૂળ સંજોગો અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓ ને લીધે અભ્યાસ છોડી તેમને ભારત પાછા આવવું પડ્યું. ઈંગ્લેન્ડથી પાછા આવ્યા પછી તેઓ વડોદરા નોકરી માટે ગયા. મહારાજા સયાજીરાવે આંબેડકરને વડોદરા રાજ્યના મીલીટરી સેક્રેટરી તરીકે નિમણૂંક કરી પણ મુશ્કેલીઓ અને આભડછેટ તથા અપમાનોના લીધે તેઓ વડોદરામાંથી ચાલી નીકળ્યા. આથી તેમના જીવન ઉપર ઊંડી અસર થવા લાગી.

ડો. આંબેડકર હિંમતવાન અને નીડર હતા. તેઓએ ઈ.સ. ૧૯૧૮માં મુંબઈની સીડનહામ કોલેજ ઓફ કોમર્સ અને ઈકોનોમિક્સમાં પ્રોફેસરની એક જગ્યા ખાલી થઈ. મુંબઈના ગવર્નરની ભલામણથી તેઓને કોલેજમાં અધ્યાપક તરીકે નોકરી મળી નોકરીને પરિણામે તથા કોલ્હાપુરના મહારાજાની મદદથી તેઓ ફરીથી લંડન ગયા.

ઈ.સ. ૧૯૨૦માં ડો. આંબેડકર લંડન પહોંચ્યા અને ગ્રેજ ઈનમાં બેરિસ્ટરીનો અભ્યાસ શરૂ કર્યો. સાથે સાથે એમ.એસ.સી. અને ડી.એસ.સી. ની પદવી પણ પ્રાપ્ત કરવાની હતી એટલે રોજના અઢાર કલાક વાંચન, લેખનમાં સમય પસાર કરતા હતા. જૂન ૧૯૨૧માં એમણે એમ.એસ.સી. ની પદવી પ્રાપ્ત કરી. ઓક્ટોબર ૧૯૨૨ માં પોતાનો પ્રસિદ્ધ શોધપ્રબંધ 'ધી પ્રોબ્લેમ ઓફ ધી રૂપી' પણ પૂરો કરી નાખ્યો. ત્યારબાદ ડૉ. આંબેડકરે ૧૯૨૩ માં મુંબઈમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો.

## -: અસ્પૃશ્યતા નિવારણ માટે ડૉ. આંબેડકરનું પ્રદાન :-

ડૉ. ભીમરાવ આંબેડકરનું નામ ભારતના પરિવર્તનવાદી આંદોલનો ના ઈતિહાસમાં સદૈવ સ્મરણીય રહેશે. તેઓ ભારતના દલિત સમાજના ઉદ્ધારક તથા પુરૂષાર્થનું પ્રતીક હતા. ભારતીય સમાજ પ્રાચીન કાળથી જાતિ, વર્ણવ્યવસ્થાના કારણે હજારો ભાગોમાં વિભાજીત કરેલો હતો. એનો અસ્વીકારનો પ્રયાસ ડૉ. ભીમરાવે કર્યો. તે ભારતના ઈતિહાસમાં સોનેરી સમય હતો.

ડો. આંબેડકરે વિદ્યાર્થી અવસ્થાના સમયમાં પોતાની અસ્પૃશ્ય જાતિના બંધુઓ પ્રત્યે સવર્ણ હિન્દુઓના કઠોર વચનો, અન્યાયકારી વલણો અને અમાનવીય વ્યવહારો પ્રત્યે તેમણે ખૂબ ધ્યાન દોર્યું હતું. આના પરિણામે જ તેમના મનમાં વિદ્રોહની જ્વાળા ભભૂકી ઊઠી. ઈ.સ. ૧૯૨૪માં અછૂતોદ્ધાર માટે વિદ્રોહ શરૂ કર્યા. આ માટે તેમણે ઘણી વખત દેશ અને વિદેશના પ્રવાસો કર્યા.

આંદોલનો તથા સત્યાગ્રહો કર્યા, અપમાનોના ભોગ બન્યા. અનેક પત્રિકાઓ, લેખો અને જનજાગૃતિ માટે અછૂતોના માનવ હકો માટે અનેક સંગઠનોમાં ભાષણો આપ્યાં તથા કાનૂની લડતો પણ ચલાવી. અસ્પૃશ્યતા નિવારણએ તેમનું મુખ્ય કામ હતું. તેથી જ આજે વર્તમાન સમયમાં આપણે આ સ્થાન સુધી આવી શક્યા છીએ.

ડો. આંબેડકરને આજે આપણે દલિતો પુરતા સંકુચિત બનાવી દીધા છે તે માત્ર દલિતોના નેતા તરીકે નહીં પરન્તુ રાષ્ટ્રના એક વિદ્વાન સમાજ સુધારક અને બંધારણના ઘડવૈયા તરીકે જોવા જોઈએ. દીર્ઘ દષ્ટિએ વિચારતાં દલિત એટલે કે જે આર્થિક રીતે પાયમાલ છે, ગરીબ છે, અશિક્ષિત છે પછી તે સવર્ણ હોય કે અછૂત. આ બધા જ દલિતની વ્યાખ્યામાં આવી જાય છે. તેઓ કહેતા કે વર્ણવ્યવસ્થાએ કર્મ પર આધારિત છે, જાતિ પર નહીં.

અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય તેઓ એક રાષ્ટ્રમાં બંધુત્વની ભાવના વિકસાવવા માટેનું માનતા હતા. હિન્દુ ધર્મના ઉદ્ધારનું કાર્ય માનતા હતા. આમ અસ્પૃશ્યતા દૂર કરીને હિન્દુ ધર્મને એક મજબૂત હિન્દુ તરીકે સ્થાપવા માગતા હતા.

ડો. આંબેડકર સમગ્ર રાષ્ટ્રને રાષ્ટ્રીય એકતાની ભાવનાથી જોવા માગતા હતા પરન્તુ દલિતોની સામે અછૂત ભાવના રાખવાથી સમગ્ર દેશ પાછળ પડી જશે તેથી તેમની શક્તિને રાષ્ટ્રનાં હિતમાં વાપરવી જોઈએ. આવી ઉચ્ચ વિચારસરણીથી તેઓ કહેતા કે દલિતો અને આદિવાસીઓની વસ્તી આ દેશની ચોથા ભાગની વસ્તી છે. આટલી વિશાળ માનવશક્તિ રાષ્ટ્ર ઐક્યથી વિખૂટું પડી જાય તો તેમાં રાષ્ટ્રની પરિસ્થિતિ દયનીય બની જશે. તેથી તેમણે કહ્યું છે કે -

‘‘અસ્પૃશ્યતાને લીધે અસ્પૃશ્યોને જ નુકશાન થયું છે એવું નથી સાથે - સાથે સવર્ણોને તેમજ દેશને અપરિમિત નુકશાન થયું છે. અસ્પૃશ્યતાની ખીણમાંથી બહાર નીકળીને તેમને આત્મસ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય તો તેઓ પોતાની ઉન્નતિ કરશે એટલું જ નહીં તો તેઓ પોતાના પરાક્રમથી, બુદ્ધિથી, ઉદ્યમથી દેશના સમગ્ર વિકાસમાં ફાળો આપશે.’’

‘જાતિનું નિર્મૂલન’ નામની પુસ્તિકામાં તેમના વિચારો અત્યન્ત ઉચ્ચ ભાવનાવાળા નજરે ચડે છે. તેઓ કહેતા કે જાતિભેદ પર આધારિત વ્યવસ્થાએ એક જ વંશના માણસોએ કરાયેલું સામાજિક વિભાજન છે અને આવી જાતિગત સામાજિક વ્યવસ્થા મનુષ્યને નિર્બળ, પંગુ અને મૃતઃ પાય બનાવી મૂકે છે અને સમાજને ઉપયોગી પ્રવૃત્તિમાં મનુષ્યને પક્ષપાત પામેલા રોગી જેવો બનાવી મૂકે છે. હિન્દુઓ જો કોઈપણ પ્રકારના ખેદ કે પશ્ચાતાપની લાગણી વિના આદિવાસી

લોકોને તેમની પ્રાથમિક અવસ્થામાં જ રહેવા દેવાનું ચાલુ રાખશે તો બિનહિન્દુઓ આ લોકોને પોતાના ધર્મમાં ખેંચી જશે અને હિન્દુઓના શત્રુઓની સંખ્યામાં ધરખમ વધારો જ થતો જશે' આના પરિણામે આજે આપણે વર્તમાન પરિસ્થિતિમાં હિન્દુ ધર્મ પરિવર્તન અને હિન્દુ-મુસ્લીમો વચ્ચેની ધાર્મિક ઝનૂનની ભાવના જોઈ રહ્યા છીએ.

આ બધી જ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો સાચો માર્ગ આંતરજ્ઞાતિય લગ્ન છે. લોહીના સંબંધ દ્વારા જ એકત્વ અને બંધુત્વની ભાવના નિર્માણ થઈ શકે. જાતિએ મુખ્યત્વે એક ભાવનાની અને લાગણીની નીપજ છે. એક પ્રકારની માનસિક અવસ્થા છે તેનો નાશ કરવા માનસિક ફેરફારો કરવા અત્યન્ત આવશ્યક છે.

ડૉ. આંબેડકરે વિદેશમાં અભ્યાસ કર્યો હોવા છતાં તેમનું જીવન ભારતીય વિચારધારાથી પ્રેરણાર્થક હતું. વિદેશી નીતિ જેવી કે મૂડીવાદી કે સામ્યવાદી વિચારધારા તેમને આકર્ષી શકી નહી. દલિત સમાજનું શોષણ કરનાર વિકૃત માનસબુદ્ધિવાળા તે વખતના બ્રાહ્મણો અને ગરીબોનું શોષણ કરનારા મૂડીવાદીઓનો તેઓ હંમેશા વિરોધ કરતા. આમ તો ડૉ. આંબેડકરે અસ્પૃશ્યો અને સામ્યવાદ વચ્ચેની દિવાલ છે. આમ મૂડીવાદ અને સામ્યવાદના દૂષણોથી મુક્ત એવી ભારતીય વિચારધારાને પોતાની ધરી બનાવીને તેમણે અસ્પૃશ્યતા નિવારણનો મહાસંગ્રામ ચલાવ્યો. ડૉ. આંબેડકરને 'ભારત' શબ્દ પ્રત્યે ખૂબ જ આકર્ષણ હતું પરન્તું જ્યારે ભારતમાં અસ્પૃશ્યો તરફ જોતા પોતે નિરાશા અનુભવતા હતા. શ્રી વિજયકુમાર પૂજારી પોતાના પુસ્તકમાં ગાંધી ડો. આંબેડકરના વિચારો વિશે લખે છે કે -

'અસ્પૃશ્યતાનિવારણનું આંદોલન વાસ્તવમાં હિન્દુ સમાજમાં જડમાંથી ક્રાન્તિ લાવનારું આંદોલન હતું. આ વાતને મહારાષ્ટ્રમાં જન્મેલા મહાત્મા જ્યોતિબા ફૂલેએ સમજી લીધી હતી અને તેમણે તત્કાલીન પરિસ્થિતિ અનુસાર તેજાબી કાર્ય કર્યું હતું. ડો. બાબા સાહેબ આંબેડકર જ્યોતિબાની પરંપરાના ક્રાન્તિકારી સુધારક હતા. ડો. આંબેડકરનો અછૂતોદ્ધાર આંદોલનમાં પ્રવેશ સામાજિકક્રાન્તિનું ઉજજવળ પાસુ હતું.'

ડો. આંબેડકરે દલિતોના ઉદ્ધારની લડત હિન્દુ ધર્મને વિકૃત બનાવનાર, વિકૃત માનસબુદ્ધિવાળા બ્રાહ્મણો કરતાં પણ વિકૃતિ પામેલા 'બ્રાહ્મણ્ય' સામે તેમને વાંધો હતો તથા જાતિભેદમાં માનતા લોકો સામે તેમને વાંધો હતો જે ધર્મની બેઠક જ સમાનતા હોય ત્યાં અમાનુષી ભેદભાવ હોય જ ક્યાંથી ? તેથી ધર્મના બની બેઠેલા બ્રાહ્મણો સામે જ તેમણે વિરોધ વ્યક્ત કર્યો હતો. નહીં કે બ્રાહ્મણ કે હિન્દુ

સામે. ડો. આંબેડકર બ્રાહ્મણો વિશે સ્પષ્ટ કહેતા કે -

''બ્રાહ્મણો અમારા દુશ્મનો નથી પરન્તુ બ્રાહ્મણગ્રસ્ત બ્રાહ્મણ અમને દૂરનો લાગે છે. આ ઝઘડો તત્ત્વ માટે છે. કોઈપણ વ્યક્તિ અથવા જ્ઞાતિ સામે નથી. આમ તો તેમની ભાષામાં વિદ્રોહ અવશ્ય હતો પરન્તુ દ્વેષ ન હતો.''

ડો. આંબેડકર સ્વયં ગૌરવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. તે સમાજમાં સ્વાભિમાનથી જીવવા માગતા હતા. તેમણે દલિતો માટે દયા કે ભીખની માગણી કરી નથી. કદાપિ શિર જુકાવ્યું નથી. તેઓના જીવનમાં દીનતા ગરીબી, લાચારી, ઉપકાર વગેરે માન્ય ન હતા. તેઓ પોતાના બંધુઓને સંઘર્ષ દ્વારા પોતાના અધિકારો મેળવવાના કહેતા હતા તથા તેઓ કહેતા કે -

'સ્વાતંત્ર્યના અધિકારો ભીખ માગવાથી નથી મળતા તે પોતાની શક્તિથી મેળવવા પડે છે ભેટ તરીકે તે મળતા નથી. આત્મોદ્ધાર કદાપિ અન્યની કૃપાથી થતો નથી, એ તો પ્રત્યેક વ્યક્તિએ પોતે જ કરવો પડે છે.'

ડો. આંબેડકર દલિત સમાજના બંધુઓને કહેતા કે હવે સ્થિતપ્રજ્ઞની જેમ બેસી રહેવાનો સમય નથી, હવે તો જાગૃત બનવાનો સમય છે. રાષ્ટ્રમાં દલિતોને હવે તો સિંહ બનીને રહેવાની જરૂર છે તેઓ કહેતા કે -

'બલિ બકરાની ચઢાવવામાં આવે છે, સિંહની નહીં કારણ કે બકરો બીચારો છે, મૂક પ્રાણી છે. માટે જો તમે બકરાની જેમ મૌન રહેશો તો સવર્ણો તમને બકરા બનાવીને વધેરી દેશે. માટે તમારે સિંહ બનવાની જરૂર છે. જેથી અન્ય લોકો તમારાથી ગભરાતા રહે.'

## -: મહાડ સત્યાગ્રહ :-

દલિતોમાં આત્મસમ્માનની ભાવના જાગૃત થાય તે માટે એમણે પ્રવચનો, સભાઓ, સંમેલનો, અધિવેશનો, લેખનકાર્ય અને સંઘર્ષના કાર્યક્રમો અમલમાં મૂક્યા. દલિતોને માનવીય અધિકાર પ્રાપ્ત થાય એ માટે મંદિર પ્રવેશ, તળાવ કે કૂવામાંથી પાણી પ્રાપ્ત કરવાનો સત્યાગ્રહ શરૂ કર્યો.

સાર્વજનિક કૂવાઓ કે તળાવોમાંથી અછૂતો પાણી પી શકતા ન હતા. તે જાણીતી બાબત છે. ખરેખર કેટલાક ગામડાંઓમાં આજે પણ આ સ્થિતિ આપણને જોવા મળે જ છે. સવર્ણ હિન્દુઓના આ અન્યાયો સામે સંઘર્ષ કરવાનું ડૉ. ભીમરાવ આંબેડકરે શરૂ કર્યું. જે તળાવમાંથી કૂતરાં, બિલાડાં પાણી પી શકે, પરધર્મીઓ પાણી પી શકે પરન્તુ હિન્દુ ધર્મના જ એવા દલિતો પાણી પી ન શકે એ કેવો અન્યાય? આ અન્યાય સામે આંબેડકરે મહાડ જિલ્લામાં આવેલ ચવદાર તળાવમાંથી પાણી માટે ૧૯ મી માર્ચ ૧૯૨૭ના રોજ ડો. આંબેડકરે પોતાના બંધુઓ સાથે સખત વિરોધ અને ધમકીઓ વચ્ચે પણ પાણી પીવાનું ચાલુ કર્યું.

દાંડીકૂચમાં ખુદીરામ બોઝે પ્રથમવાર ફેકેલો બોંબ જેવી આ પણ અર્વાચીન ભારતના ઈતિહાસની એક ઐતિહાસિક ઘટના બની ગઈ. ડો. આંબેડકરના સંઘર્ષથી તા. ૧૭મી માર્ચ, ૧૯૩૭માં દલિતોને ચવદાર તળાવમાંથી પાણી પીવાની કાનૂની મંજૂરી મળી ગઈ. આ પ્રસંગ સમગ્ર દલિતો અને ડો. આંબેડકરજીના જીવનનો મહત્ત્વનો પ્રસંગ બની ગયો. આ સંઘર્ષના પરિણામ સ્વરૂપ કરોડો અસ્પૃશ્યોને પોતાના અધિકારો અને સમૂહમાં રહેલી શક્તિનો ખ્યાલ આવ્યો. સરકારને પણ ખ્યાલ આવ્યો કે આ સંઘર્ષને અવગણી શકાય તેમ નથી.

### -: મનુસ્મૃતિ દહન :-

મનુસ્મૃતિમાં શૂદ્રોને વેદનું ઉચ્ચારણ સાંભળી લેવા બદલ શૂદ્રના કાનમાં સીસું રેડવાનો આદેશ કર્યો છે અને શૂદ્રોને પશુઓ કરતાંય બદતર વ્યવહાર કરવાના આદેશો મનુસ્મૃતિમાં લખવામાં આવ્યા છે. તેમને માનવ હક્કોથી વંચિત રાખવા માટે પ્રેરણાદાયક મનુસ્મૃતિ છે આથી ડૉ. બાબા સાહેબે તેને જાહેરમાં બાળી નાખવાનો પડકાર કર્યો. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૭ના રોજ મનુસ્મૃતિ દહન જાહેરમાં કરી નાખ્યું. આના પરિણામે સમગ્ર દેશમાં ભારે ખળભળાટ મચાવનારી ઘટના બની ગઈ.

### -: નાસિક મંદિર પ્રવેશ આંદોલન :-

નાસિકના કાલારામ મંદિરમાં પ્રવેશ મેળવવાનો અધિકાર સ્થાપવા ડો. આંબેડકરે સત્યાગ્રહ શરૂ કર્યો. હજારો સત્યાગ્રહીઓએ તેમના નેતૃત્વ હેઠળ ૨ માર્ચ ૧૯૩૦ના રોજ રામમંદિરમાં પ્રવેશવા માટે આંદોલન કર્યું. સવર્ણોએ સખત વિરોધ કર્યો. પથ્થરમારો થયો. અનેક માણસો ઘાયલ થયા. આખરે મંદિરના ભગવાન રામ પોતાનાજ મંદિરમાં કેદી બન્યા કારણ કે મંદિરને તાળાં લાગ્યાં.

ભારતીય ઈતિહાસ જોતાં આજે એમ લાગે છે કે નાસિક આંદોલન વખતે જ પ્રવેશ મળ્યો હોત તો વર્તમાન પરિસ્થિતિની રામ જન્મભૂમિ જેવી સમસ્યાઓ ઊભી જ ન થઈ હોત અને કેટલાક લોકોના પ્રાણ બચી ગયા હોત.

### -: બૌદ્ધ ધર્મનો અંગીકાર :-

૧૩ મી ઓક્ટોબર ૧૯૩૫ ના દિવસે મંદિર પ્રવેશ સત્યાગ્રહનું સમાપન કરતી વખતે દસ હજાર સ્ત્રીઓની સભામાં જ્યારે પોતાના બાંધવો માટે કોઈ જ આશા ન દેખાઈ ત્યારે આખરે હતાશ થઈનેતેમણે કહ્યું હતું કે....

'પછાત વર્ગોને પદદલિતોને માણસ તરીકે અધિકારો ન જ મળવા જોઈએ તે હિન્દુ ધર્મનું નીતિતત્વ છે. મંદિર પ્રવેશ જેવી સીધી સાદી માગણી પણ હિન્દુઓ સ્વીકારવા તૈયાર નથી એવું અપમાનિત જીવન જીવવા કરતા તો મને

લાગેછે કે આપણે ધર્માન્તર કરવું જોઈએ. હું હિન્દુ તરીકે જન્મ્યો એ મારા હાથની વાત નહોતી, પણ હું હિન્દુ તરીકે મરવાનો નથી.'

ડો. આંબેડકરે ૧૪ મી ઓક્ટોબર ૧૯૫૬ના રોજ નાગપુર ખાતે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો. પાંચ લાખ જનમેદનીમાં બે લાખ ઉપરાંત સ્ત્રીઓ હાજર રહી હતી અને તેમણે પણ ધર્માન્તર સ્વીકાર્યું.

## -: બંધારણીય અધ્યક્ષ ડો. આંબેડકર :-

જવાહરલાલ નહેરૂ પ્રધાનમંડળમાં ડો. આંબેડકરને કાયદા પ્રધાન બનાવવામાં આવ્યા. આથીયે વિશેષ ઘટના એ છે કે તા. ૨૯ ઓગષ્ટ ૧૯૪૭ના રોજ બંધારણ સમિતિએ, બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરી જેના અધ્યક્ષ તરીકે ડો. આંબેડકરની નિયુક્તિ કરવામાં આવી. એક અસ્પૃશ્ય તરીકે જન્મ લેનાર જીવનભર વંચિત અને અપમાનિત રહેનાર, આંબેડકર માટે અને સમગ્ર અસ્પૃશ્ય સમાજ માટે બહુજ ગર્વની વાત છે. બંધારણ સમિતિના નીમેલા સાત સભ્યોમાંથી છ સભ્યો એક યા બીજા કારણસર આ કાર્ય કરી શક્યા નહી. સમગ્ર બોજ આંબેડકર પર આવી પડ્યો. ૨૬ મી નવેમ્બરના રોજ બંધારણનો સ્વીકાર થયો. દેશના ખૂણે ખૂણેથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ જયજયકાર થયો. આંબેડકરને **ભારતના બંધારણના મહાન શિલ્પકાર** તરીકે બિરદાવવામાં આવ્યા.

ભારતના બંધારણના કાચા મુસદ્દાને દેશના લોકોની જાણ માટે અને તેઓના પ્રત્યાઘાતો જાણવા માટે ૬ માસ સુધી જાહેરમાં મુકવામાં આવ્યો. ૪ નવેમ્બર ૧૯૪૮માં ડો. આંબેડકરે ભારતના બંધારણને બંધારણ સભાની બહાલી માટે રજૂ કર્યું . ભારત બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. તા. ૨૬ મી નવેમ્બર ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પ્રસાર કર્યું અને ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી ભારતનું બંધારણ અમલી બન્યું. આ બંધારણ વિશ્વભરમાં અણમોલ છે.

## -: ડૉ. આંબેડકરનો વર્ણ વ્યવસ્થા વિચાર :-

ડૉ. આંબેડકરના મત પ્રમાણે શૂદ્રો આર્યોની સૂર્યવંશીય શાખાના ક્ષત્રિયો હતા. પ્રાચીનકાળથી આર્યોમાં કેવળ ત્રણ જ વર્ણ હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. પરન્તુ આ સૂર્યવંશીય ક્ષત્રિયોએ તેમની અને બ્રાહ્મણો વચ્ચે ચાલતા સંઘર્ષમાં બ્રાહ્મણો પર ખૂબ અત્યાચારો કર્યા. આ અત્યાચારો અને અપમાનોથી તંગ આવીને દ્વેષભાવનાના કારણે બ્રાહ્મણો ઉપનયન સંસ્કારના અમોઘ શસ્ત્રથી એમને વંચિત કરી દીધા. ઉપનયનથી વંચિત થતા તેઓ વૈશ્યો નીચે ચોથો વર્ણ 'શૂદ્ર' બની ગયા. – हू वेर शुद्रझ ?

## -: દલિતોમાં ક્રાંતિકારી વિચારોનો પ્રવેશ :-

ભારતીય હિન્દુ સમાજની અસમાનતાની નીતિ ના કારણે ડો. આંબેડકરે હવે આ હિન્દુ સમાજના લોકો સામે શાન્તિથી બેસી રહેવાનું પસંદ ન કર્યું. હવે તો 'સંઘર્ષ એ જ જીવન' એ દ્વારા અછૂતોદ્ધાર માટે તેમણે મક્કમ નિર્ધાર કર્યો. હિન્દુ ધર્મે ડો. આંબેડકરના હૃદયમાં ઘણું બધું દુઃખ આપ્યું હતું. પરિણામે ડૉ. આંબેડકરના નેતૃત્વમાં ભયંકર મીટિંગો અને સભાઓનું આયોજન થવા લાગ્યું. આકાશમાં વાદળોની ગર્જનાથી જેમ હવે આંબેડકરના ભાષણોથી સમગ્ર દલિત બંધુઓના દિલ હવે ગાજવા લાગ્યા હતાં. તેઓ વકીલાતના ધંધામાં અનેક દીનદલિતો અને અન્ય માનવોના સંપર્કમાં આવ્યા. દલિત સમાજના લોકોમાં તેમના ભાષણોથી જુસ્સો અને ક્રાન્તિકારી વિચારો પ્રવેશ્યા અને ૧૯૨૪માં ડૉ. આંબેડકરે 'બહિષ્કૃત હિતકારણી સભા'ની સ્થાપના કરી. આ સભાએ ૪ થી જાન્યુઆરી ૧૯૨૫માં અછૂત સમાજના વિદ્યાર્થીઓ માટે સોલાપુરમાં એક છાત્રાલયની શરૂઆત કરી.

૨જી ફેબ્રુઆરી ૧૯૨૭ના રોજ મુંબઈના ગવર્નરે ડૉ. આંબેડકરની નિમણૂંક મુંબઈનીધારાસભામાં કરી. હવે આંબેડકર એક દલિત નેતા બની ગયા. તેમણે 'મૂકનાયક' નામના સમાચાર પત્રની શરૂઆત કરી. ૩ જી એપ્રિલ ૧૯૨૭માં એમણે મરાઠી પાક્ષિક પત્ર 'બહિષ્કૃત ભારત'નું પ્રકાશન કાર્ય શરૂ કર્યું.

આ મહામાનવે પોતાની અનેક પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરવા અનેક પ્રકારના સંઘર્ષો ઝઝૂમતા-ઝઝૂમતા તા. ૬ ઠ્ઠી ડિસેમ્બર ૧૯૫૬ના દિવસે વહેલી સવારે ડૉ. આંબેડકર સ્વર્ગને ભેટ્યા.

**दलित - शोषित मंदिर प्रवेश, तीर्थ स्थान, उपवास, पूजा-पाठ आदि के लिये अपना समय नष्ट न करे बल्कि अपने को संगठित करके राजनैतिक शक्ति प्राप्त करें ताकि निर्णय प्रक्रिया में उनका व्यावहारिक योगदान हो ।**

## -: ડૉ. આંબેડકરના જીવનપ્રસંગોની તારીખ :-

(૧) ૧૪ એપ્રિલ ૧૮૯૧ - સુબેદાર રામજી માલોજી તથા શ્રીમતિ ભીમાબાઈના ચૌદમા અને છેલ્લા સંતાન તરીકે મધ્ય પ્રદેશની મહુ છાવણીમાં જન્મ.

(૨) ૧૮૯૬ - બાબા સાહેબના માતૃશ્રી ભીમાબાઈનું અવસાન.

(૩) નવેમ્બર ૧૯૦૦ - સરકારી વર્નાક્યુલર હાઈસ્કૂલ સતારામાં દાખલ થયા.

(૪) એપ્રિલ ૧૯૦૬ - શ્રી ભીખુ બાલાશંકરની પુત્રી રામીબાઈ (રમાબાઈ) સાથે લગ્ન.

(૫) જાન્યુઆરી ૧૯૦૮ - મુંબઈ યુનિવર્સિટીમાંથી મેટ્રિક પાસ થયા.

(૬) જાન્યુઆરી ૧૯૦૮ - એલ્ફીન્સ્ટન કોલેજ મુંબઈમાં દાખલ થયા.

(૭) જાન્યુઆરી ૧૯૧૨ - ફારસી અને અંગ્રેજી વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(૮) ડિસેમ્બર ૧૯૧૨ - પુત્ર યશવંતનો જન્મ

(૯) ફેબ્રુઆરી ૧૯૧૩ - પિતાશ્રી રામજી આંબેડકરનું અવસાન

(૧૦) જુલાઈ ૧૯૧૩ - પોલિટીકલ સાયન્સના અભ્યાસ માટે ગાયકવાડ શિષ્યવૃત્તિ મેળવી ન્યૂયોર્ક વિશ્વવિદ્યાલય કોલંબિયા ગયા.

(૧૧) ૧૯૧૫ - મુખ્ય વિષયો અર્થશાસ્ત્ર લઈને સમાજશાસ્ત્ર, ઈતિહાસ, દર્શનશાસ્ત્ર, માનશાસ્ત્ર તથા રાજનીતિ વગેરે વિષયો સાથે એમ.એ.

થયા.

(૧૨) મે ૧૯૧૬ - પી.એચ.ડી. માટે "બ્રિટિશ ભારતમાં મુલ્કી અર્થ વ્યવસ્થાનો વિકાસ" એ વિષય ઉપરનો મહાનિબંધ કોલંબિયા યુનિ.માં રજૂ કર્યો.

(૧૩) મે ૧૯૧૭ - પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત થઈ.

(૧૪) જૂન ૧૯૧૭ - લંડનમાં એમ.એસ.સી.નો નિબંધ લખવા માટે એક વરસ રહી તૈયાર કરી વડોદરા મહારાજાની શિષ્યવૃત્તિની મુદત પૂરી થવાથી ભારત પાછા આવ્યા.

(૧૫) જૂન ૧૯૧૭ - વડોદરાના મહારાજા ગાયકવાડ મીલીટરી સેક્રેટરી તરીકે નિમણૂંક આપી. પાછળથી વડોદરા રાજ્યના નાણાંપ્રધાન બનાવવાના હતા પરંતુ અન્ય લોકોના દુરવ્યવહારના લીધે નોકરી છોડી દીધી.

(૧૬) નવેમ્બર ૧૯૧૮ - મુંબઈની સીડનહામ કોલેજમાં પ્રાધ્યાપક તરીકેની નિમણૂંક થઈ.

(૧૭) જાન્યુઆરી ૧૯૨૦- દલિતવર્ગો માટે મરાઠી સાપ્તાહિક 'મૂકનાયક' શરૂ કર્યું.

(૧૮) સપ્ટેમ્બર ૧૯૨૦ - લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને પોલિટીક્સના અભ્યાસ માટે તેમજ સાથે સાથે વકીલાત માટે ગ્રેટ લંડનમાં દાખલ થયા.

(૧૯) જૂન ૧૯૨૧ - યુનિવર્સિટી લંડનમાં એમ.એસ.સી. (અર્થશાસ્ત્ર) ની ઉપાધિ મેળવવા માટે ડિસેન્ટ્રલાઈઝેશન ઓફ ઈમ્પીરીયલ ફાઈનેન્સ ઈન બ્રિટિશ ઈન્ડીયા વિશે લખેલા મહાનિબંધનો સ્વીકાર થયો.

(૨૦) જૂન ૧૯૨૨-૨૩ - જર્મનીમાં બોન યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના અભ્યાસ માટે કેટલાક માસ પસાર કર્યા.

(૨૧) માર્ચ ૧૯૨૩ - ડી.એસ.સી. ઈકોનોમિક્સની ઉપાધિ માટે લખેલ મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' લંડન યુનિ. એ સ્વીકારીને ડૉ. ઓફ સાયન્સની ઉપાધિ એનાયત કરી.

(૨૨) માર્ચ ૧૯૨૩ - બાર-એટ-લૉ (બેરીસ્ટર) થયા.

(૨૩) એપ્રિલ ૧૯૨૩ - ભારત પાછા આવ્યા.

(૨૪) જૂન ૧૯૨૩ - હાઈકોર્ટે જે યુનિ કેચર કોર્ટ મુંબઈમાં વકીલાતનો ધંધો શરૂ કર્યો.

(૨૫) જુલાઈ ૧૯૨૪ - દલિત વર્ગોનાં ઉદ્ધાર માટે બહિષ્કૃત હિતકારણી સભાની રચના કરવામાં આવી.

(૨૬) જાન્યુઆરી ૧૯૨૫ - અછૂત સમાજનાં વિદ્યાર્થીઓ માટે મહારાષ્ટ્રના શોલાપુરમાં છાત્રાલય શરૂ કર્યું.

(૨૭) ૧૯૨૫ - 'બ્રિટિશ ભારતમાં પ્રાતીય અર્થ વ્યવસ્થાનો વિકાસ' પુસ્તક પ્રસિદ્ધ.

(૨૮) ડિસેમ્બર ૧૯૨૫ - રોયલ કમીશન ઓન ઈન્ડીયન કરન્સી એન્ડ

| | | |
|---|---|---|
| | | ફાઈનાન્સ સમક્ષ વિષયની લગતી સમસ્યાને લગતી રજૂઆત કરી. |
| (૨૯) ફેબ્રુઆરી ૧૯૨૭ | - | મુંબાઈ પ્રેસીડેન્સીની લેજિસ્લેટીવકાઉન્સિલમાં સભ્ય તરીકે નિમણૂંક પામ્યા. |
| (૩૦) માર્ચ-૧૯૨૭ | - | મહાડ તળાવમાંથી પાણી લેવા સત્યાગ્રહ. |
| (૩૧) એપ્રિલ-૧૯૨૭ | - | મરાઠી પાક્ષિક પત્ર 'બહિષ્કૃત ભારત' નું સંપાદન શરૂ કર્યું. |
| (૩૨) ડિસેમ્બર ૧૯૨૭ | - | જોહરમાં હિન્દુ 'ધર્મગ્રન્થ મનુસ્મૃતિ' ની હોળી કરી. |
| (૩૩) મે ૧૯૨૮ | - | સાયમન કમીશન સમક્ષ રજૂઆત કરી. |
| (૩૪) જૂન ૧૯૨૮ | - | મુંબાઈની સરકારી લૉ કોલેજમાં કાયદાશાસ્ત્રના પ્રોફેસર બન્યા. |
| (૩૫) ઓગષ્ટ ૧૯૨૮ | - | સરકારે મુંબઈની કમિટીમાં નિમણૂંક આપી. |
| (૩૬) ઓક્ટો. ૧૯૨૮ | - | કેળવણી મંડળની સ્થાપના કરી મજૂર ચળવળના પ્રણેતા બન્યા. |
| (૩૭) માર્ચ ૧૯૩૦ | - | નાસિકના કાલારામ મંદિરના પ્રવેશ માટે સત્યાગ્રહ શરૂ કર્યો. |
| (૩૮) સપ્ટેમ્બર ૧૯૩૦ | - | પ્રથમ ગોળમેજી પરિષદમાં ભારતના અછૂતોના પ્રાણ-પ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી રજૂઆત કરી. |
| (૩૯) ડિસેમ્બર ૧૯૩૦ | - | સાપ્તાહિક જનતા પત્ર શરૂ કર્યું. |
| (૪૦) ઓગષ્ટ ૧૯૩૧ | - | મહાત્મા ગાંધી સાથે પ્રથમ મુલાકાત |

(૪૧) સપ્ટેમ્બર ૧૯૩૧ - લંડનમાં બીજી ગોળમેજી પરિષદમાં અછૂત ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અનામત બેઠકોની માગણી કરી.

(૪૨) નવેમ્બર ૧૯૩૨ - કોમી ચુકાદાના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ કરેલા તેથી જિન્દગી બચાવવા પુના પેકટ કર્યા.

(૪૩) ડિસેમ્બર ૧૯૩૨ - ત્રીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી.

(૪૪) મે ૧૯૩૫ - પત્ની રમાબાઈનું અવસાન.

(૪૫) જૂન ૧૯૩૫ - મુંબઈ સરકારી લો કોલેજમાં પ્રિન્સીપાલ તરીકે નિમણૂંક થઈ.

(૪૬) જૂન ૧૯૩૫ - યેવલા (નાસિક જિલ્લો) માં સંમેલનમાં હિન્દુ ધર્મ છોડવાની જાહેરાત.

(૪૭) ઓગષ્ટ ૧૯૩૬ - સ્વતંત્ર મજૂર પક્ષની સ્થાપના કરી.

(૪૮) જાન્યુ. ૧૯૩૭ - મુંબઈ ધારાસભામાં ચુંટાઈ આવ્યા.

(૪૯) જાન્યુ. ૧૯૩૯ - જવાહરલાલ નહેરૂ સાથે પ્રથમ મુલાકાત.

(૫૦) જાન્યુ. ૧૯૪૦ - ''પાકિસ્તાન ઉપર વિચારો'' પુસ્તક પ્રસિદ્ધ કર્યું.

(૫૧) જુલાઈ ૧૯૪૧ - ભારતના વાયસરોયની એકઝીક્યુટીવ કાઉન્સીલમાં પ્રતિનિધિ નીમાયા.

(૫૨) એપ્રિલ ૧૯૪૨ - ઓલ ઈન્ડીયા શેડ્યુલ કાસ્ટ ફેડરેશનની સ્થાપના કરી.

(૫૩) જુલાઈ ૧૯૪૨ - ભારતના વાયસરોયની કેબીનેટમાં મજુર સભ્ય નીમાયાં.

| | |
|---|---|
| (૫૪) ડિસેમ્બર ૧૯૪૨ - | "મિસ્ટર ગાંધી અને અછૂતોની મુક્તિ" નામનું પુસ્તક પ્રકાશિત થયું. |
| (૫૫) જાન્યુઆરી ૧૯૪૩ - | મહાદેવ ગોવિંદ રાનડેના ૧૦૧ માં જન્મ મહોત્સવ વખતે લેખિત ભાષણ આપ્યું. આ ભાષણ રાનડે ગાંધી અને ઝીણાના શીર્ષકથી પ્રસિદ્ધ થયું. |
| (૫૬) જૂન ૧૯૪૫ - | કોંગ્રેસ અને ગાંધીએ અછૂતો માટે શું કર્યું નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું. |
| (૫૭) એપ્રિલ ૧૯૪૬ - | પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના |
| (૫૮) જૂન ૧૯૪૬ - | સિદ્ધાર્થ કોલેજ મુંબઈનું ઉદ્‌ઘાટન |
| (૫૯) જુલાઈ ૧૯૪૬ - | ગવર્નર જનરલ (વાયસરોય) ની કાઉન્સીલ માંથી સભ્યપદનું રાજીનામું. |
| (૬૦) ઓક્ટોબર ૧૯૪૬ - | "શૂદ્ર કોણ હતા" નામનું પુસ્તક પ્રકાશન |
| (૬૧) ડિસેમ્બર ૧૯૪૬ - | "એક સંયુક્ત ભારતનું આહ્‌વાન" |
| (૬૨) માર્ચ ૧૯૪૭ - | રાજ્ય તથા અલ્પ સંખ્યા પુસ્તક પ્રસિદ્ધ થયું. |
| (૬૩) ઓગષ્ટ ૧૯૪૭ - | બંધારણીય કમિટીએ ચેરમેન તરીકે નિમ્યા. |
| (૬૪) ઓગષ્ટ ૧૯૪૮ - | ભારતના પ્રથમ કાયદા પ્રધાન બનીને નહેરુપ્રધાન મંડળમાં જોડાયા. |
| (૬૫) એપ્રિલ ૧૯૪૮ - | કૃષ્ણરાવ કબીરની પુત્રી શારદા કબીર સાથે બીજીવાર લગ્ન. |
| (૬૬) ઓગષ્ટ ૧૯૪૮ - | 'અછૂત કૌન ઔર કૈસે' પુસ્તકનું પ્રકાશન. |
| (૬૭) ઓક્ટોબર ૧૯૪૮ - | ભારતીય પ્રાંતીય રૂપમાં ઘર કમીશનને અર્પણ કર્યું. |

(૬૮) નવેમ્બર ૧૯૪૮ - ભારત બંધારણીય સમિતિના ડ્રાફટીંગ કમિટીના અધ્યક્ષ તરીકે બંધારણ રજૂ કર્યું.

(૬૯) જૂન ૧૯૫૦ - મીલીંન્દ મહાવિદ્યાલયની સ્થાપના કરી.

(૭૦) ડિસેમ્બર ૧૯૫૦ - વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ કોલંબો માં પ્રતિનિધિ તરીકે હાજરી આપી.

(૭૧) ફેબ્રુઆરી ૧૯૫૧ - કાયદા પ્રધાન તરીકે લોકસભામાં હિંદુ કોડબીલ રજૂ કર્યું.

(૭૨) જૂન ૧૯૫૧ - મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની સ્થાપના.

(૭૩) જુલાઈ ૧૯૫૧ - ભારતીય બૌદ્ધ જનસંઘની સ્થાપના કરી.

(૭૪) ઓગષ્ટ ૧૯૫૧ - 'બુદ્ધ ઉપાસના પાઠ' નામની એક બૌદ્ધ વિનય પુસ્તિકાનું સંકલન કર્યું.

(૭૫) સપ્ટેમ્બર ૧૯૫૧ - હિન્દુ કોડ બીલ પસાર ન થતાં ઊંડી વેદના અને નિરાશા સાથે પ્રધાન મંડળમાંથી કાયદા પ્રધાન તરીકેનું રાજીનામું આપ્યું.

(૭૬) ઓક્ટોબર ૧૯૫૧ - વિરોધપક્ષના નેતા તરીકે લોકસભામાં બેઠા.

(૭૭) મે ૧૯૫૨ - મુંબાઈની ધારાસભાની બોઠક પર રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા.

(૭૮) જૂન ૧૯૫૨ - અમેરિકાની કોલંબિયા યુનિ. એ ડોક્ટર ઓફ લો ની પદવી એનાયત કરી.

(૭૯) જાન્યુ. ૧૯૫૩ - ઓસ્માનિયા યુનિ. હૈદ્રાબાદે ડોક્ટર ઓફ લીટરેચરની ડીગ્રી પ્રદાન કરી.

(૮૦) મે ૧૯૫૩ - સિદ્ધાર્થ કોલેજ મુંબઈના વાણિજ્ય અને વિનિમય વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું.

(૮૧) ડિસેમ્બર ૧૯૫૪ - વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ રંગૂન (બર્મા) માં પ્રતિનિધિ તરીકે હાજરી આપી.

(૮૨) મે ૧૯૫૫ - ભારતીય બૌદ્ધ મહાસભાની સ્થાપના કરી.

(૮૩) જૂન ૧૯૫૬ - સિદ્ધાર્થ કોલેજ મુંબઈના કાયદા વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું.

(૮૪) ૧૪ ઓક્ટો. ૧૯૫૬ - ૫ લાખ ૫ાદદલિતાો અનુયાયીઓ સાથે બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી.

(૮૫) નવેમ્બર ૧૯૫૬ - કાઠમંડુ (નેપાલ) માં વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સમાં નવ બુદ્ધ પ્રતિનિધિ તરીકે હાજરી આપી.

(૮૬) ડિસેમ્બર ૧૯૫૬ - અલીપુર રોડ, દિલ્હીમાં પોતાના નિવાસસ્થાન પર પરિનિર્વાણ.

(૮૭) જાન્યુ. ૧૯૯૦ - **'ભારતરત્ન'** દેશના સર્વોચ્ચ બહુમાનથી સન્માનિત.




**शिक्षित बनो – ज्ञान के लिए**

**संगठित रहो – उत्थान के लिए**

**संघर्ष करो – स्वाभिमान के लिए**

**बुद्ध की शरण है**
**धम्म और ध्यान के लिए**

# -: બાબા સંદેશ :-

૧. मैं हिन्दू धर्म में पैदा हुआ हूँ जो मेरे बस की बात नहीं थी, परन्तु हिन्दू धर्म में मरूँगा नहीं, यह मेरे बस की बात है।

૨. जिस धर्म में अपने ही अनुयायियों के बीच भेदभाव है, वह धर्म नहीं पक्षपात है । जो धर्म अपने करोडों अनुयायियों को कुत्तों और अपराधियों से भी बदतर मानता है और उन पर नाटकीय मुसीबतें बरसाता है। वह धर्म हो ही नहीं सकता।

૩. ‘‘શિક્ષિત બનો, સંગઠિત બનો અને સઘર્ષ કરો.’’

૪. ‘‘આપણે આપણા રક્તના છેલ્લાં ટીપા સુધી આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરવું જોઈએ.’’

૫. દલિત યુવકો ફક્ત બાબુઓ જ થવાને બદલે વહીવટી તંત્રમાં ઉચ્ચ સ્થાનો પ્રાપ્ત કરવા પરિશ્રમ કરો.

૬. ચારેય બાજુથી ગાળોનો વરસાદ વરસ્યો હોવા છતાંય મેં ઘણું બધું કર્યું છે. હું મારા મૃત્યુ સુધી હંમેશા કાર્ય કરતો રહીશ. જે કંઈ પણ મેં કર્યું છે તે જીવનભરનાં અસહ્ય દુઃખ તથા મુશ્કેલીઓનાં અંત વગર અને મારા વિરોધીઓ સાથે સંઘર્ષ કરતાં કરતાં પણ સમર્થ થયો છે.

૭. ‘‘જ્યાં સુધી દલિતો અજ્ઞાનના અંધકારમાં પડી રહ્યા હતા અને તેમનામાં આત્મસન્માનની ભાવના જાગૃત થઈ ન હતી ત્યાં સુધી એમના માટે એ શક્ય હતું કે હિન્દુ વ્યવસ્થામાં તેમના માટે સમાજમાં જે સ્થાન નિર્ધારીત થયેલું હતું તેને તેમણે સ્વીકારી લીધું પરન્તુ જેમ જેમ એમનામાં શિક્ષણ વધશે તેમ તેમ તે સહન નહી કરે જે માનવતાની વિરુદ્ધ છે.’’

૮. અસ્પૃશ્યતા એ અસમાનતાનું એવું જવલંત ઉદાહરણ છે જે ઈતિહાસમાં ક્યાંય જોવા મળશે નહીં. એક મનુષ્યે બીજા મનુષ્ય સાથે અસ્પૃશ્યતા રાખવી એવી હલકી ભાવનાનું આચરણ કરવું એવી પ્રથા હિન્દુ ધર્મમાં જ છે. આ બીજા કોઈ ધર્મમાં કે દેશમાં જોવા મળશે નહી.

૯. જ્યાં સુધી મને લાગે વળગે છે ત્યાં સુધી હું તમામ સૂચનો ઉપર વિચાર કરવા તૈયાર છું. પરન્તુ દલિત સમાજના અધિકારો પર કઠુરઘાત કરવાની ક્યારેય પણ સંમતિ નહીં આપું.

૧૦. હિન્દુ સમાજને સામર્થ્યવાળી બનાવવો હોય તો અસમાનતા દૂર કરી હિન્દુ સમાજની રચના એક વર્ણ અને સમાનતાના તત્ત્વોના પાયા પર

કરવી જોઈએ. અસ્પૃશ્યતા નિવારણનો માર્ગ એ હિન્દુ સમાજને સામર્થ્યવાળી કરવાના માર્ગથી ભિન્ન નથી તેથી કહું છું આપણું કામ જેટલું સ્વહિતનું છે. તેટલું રાષ્ટ્રહિતનું પણ છે. તેમાં મને કોઈ શંકા નથી.

૧૧. મેં એક પ્રતિજ્ઞા કરી છે કે હું દબાયેલા કચડાયેલા લોકોની કે જેમાં હું જન્મ્યો છું જેઓ વચ્ચે હું મોટો થયો છું અને હાલ જીવન જીવી રહ્યો છું તેમની સેવા કરતાં કરતાં જ મૃત્યુ પામીશ. હું નિયત માર્ગથી એક પણ ઈંચ પાછળ નહીં હઠું ભલે મારો ગમે તેટલો વિરોધ અને ટીકાઓ થાય.

૧૨. મારો તમને આદેશ છે કે સંઘર્ષ કરો અને સંગઠન પેદા કરો. તમે તમારામાં વિશ્વાસ રાખો. જ્યારે ન્યાય આપણી સાથે છે. ત્યારે સંઘર્ષમાં આપણે ચોક્કસ સફળ થઈશું મારા માટે સંઘર્ષ એક આનંદની વાત છે. આપણો સંઘર્ષ ધન દોલત કે શક્તિ પ્રાપ્ત કરવા માટે નથી. પરન્તુ સમાનતા માટે છે આ સંઘર્ષ દબાયેલા અને કચડાયેલા વ્યક્તિત્વને પુનઃજીવિત કરવા માટે છે.

૧૩. યુવકોએ સ્વાવલંબી બનવું જોઈએ, પોતાની મહેનત ઉપર જીવવું જોઈએ, પોતાની બુદ્ધિ પર પૂરો વિશ્વાસ રાખી તેનો ઉપયોગ વિવેકબુદ્ધિથી કરવો જોઈએ. જ્ઞાનથી વધુ પૂજનીય આ જગતમાં બીજુ કાંઈ નથી કુદરતે કોઈનેય દાસ તરીકે જન્મ આપ્યો નથી. પોતાના ભાગ્યના, યુવકો પોતે જ શિલ્પકાર છે. મહાન ભાવિ માટે સાંપ્રત સુખોનો ત્યાગ કરો, તમારા યુવાન દેહ પર અટલ શ્રદ્ધા રાખો, તમારું ધ્યેય ઉદાત્ત રાખો. જે સમાજમાં આપણો જન્મ થયો છે તે સમાજ તરફ આપણું કંઈક પણ કર્તવ્ય છે. તેવું જેમની સમજમાં આવ્યું છે તેવા યુવકોને ધન્ય છે. તન, મન, ધન ખર્ચીને સંકટો, અપમાન અને મુસીબતોનો સામનો કરો તો તમારું જીવિત કાર્ય ઉજ્જવળ જ છે.

**जब तक जात-पात का रिवाज खत्म नहीं होगा तब तक समानता हो ही नहीं सकेगी । जाति संस्था का नाश ही समानता का निर्माण है । जब तक गरीब समाज अधिकारियों के विरूद्ध मोर्चा संगठित नहीं करेगा तब तक उनका आर्थिक शोषण समाप्त नहीं हो सकेगा । अपने स्वाभिमान की रक्षा के लिए आंदोलन शुरू करने से ही हमें भविष्य में लाभ हो सकेगा ।**

# -: હે આંબેડકર - હે ભીમરાવ :-

અસહ્ય વેદનાઓ સહિ,
અન્યાયઓ પી ગયા
જેનું
કોમળ હૃદય ને બુલંદી તાકાત
ને આવકારો
હે આંબેડકર - હે ભીમરાવ
આંખોથી પારખું કરે,
એક ઝાટકે કાપે
જ્ઞાન તણો જે અંગારો
ને આવકારો
હે આંબેડકર - હે ભીમરાવ
સમજદારી એના શ્વાસમાં
ને
દૃઢ વિશ્વાસ તેના તનમાં
પાણી જેવા શાંત
ને
ઘાસ જેવા નરમ
ને આવકારો...
હે આંબેડકર - હે ભીમરાવ
સંદેશ અંતે આપી ગયા
કરો અધૂરા કામ
તો કરશું, લડશું ને મરશું
ને
યાદ કરીશું,
હે આંબેડકર - હે ભીમરાવ

''मैंने तुम्हारे लिए जो कुछ भी किया है, वह बेहद मुसीबतों, अत्यन्त दुःखों और बेशुमार विरोधियों का मुकाबला करके किया है। यह कारवाँ आज जिस जगह पर है, इस जगह पर मैं इसे बडी मुश्किलों के साथ लाया हूँ। तुम्हारा कर्तव्य है कि यह कारवाँ सदा आगे ही बढता रहे, बेशक कितनी रुकावटें क्यों न आयें । यदि मेरे अनुयायी इसे आगे न बढा सकें तो इसे यही छोड दें, पर किसी भी हालत में इसे पीछे न जाने दें। आप लोगों से मेरा यह संदेश है।''

– राष्ट्र निर्माता
डॉ. बी.आर.आम्बेडकर

## -: ડૉ. આંબેડકર રચિત ગ્રંથો :-

(૧) કાસ્ટ ઈન ઈન્ડિયા (૧૯૧૭)

(૨) સ્મોલ હોલ્ડિંઝ ઈન ઈન્ડિયા એન્ડ ધેર રેમિડીઝ (૧૯૧૮)

(૩) ધી પ્રોબ્લેમ ઓફ રૂપી (૧૯૨૩)

(૪) ઈવોલ્યૂશન ઓફ ધી પ્રોવિશનયલ ફાઈનાન્સ ઈન બ્રિટીશ ઈન્ડિયા (૧૯૨૫)

(૫) એનિહિલેશન ઓફ કાસ્ટ (૧૯૩૬)

(૬) ફેડરેશન વીર્સસ ફ્રીડમ (૧૯૪૦)

(૭) મિ. ગાંધી એન્ડ ઈર્મન્સિપેશન ઓફ અનટચેબન્સ (૧૯૪૩)

(૮) રાનડે, ગાંધી અને ઝીણા (૧૯૪૩)

(૯) થોટ્સ ઑન પાકિસ્તાન (૧૯૪૫)

(૧૦) વોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટૂ અનટચેબલ્સ (૧૯૪૫)

(૧૧) હૂ વેર ધી શૂદ્રાઝ (૧૯૪૬)

(૧૨) સ્ટેટ્સ એન્ડ માઈનોરિટીઝ (૧૯૪૭)

(૧૩) ધી અનટચેબલ્સ (૧૯૪૮)

(૧૪) થોટ્સ ઓન લિંગ્વિસ્ટિક સ્ટેટ્સ (૧૯૫૫)

(૧૫) રાઈઝ એન્ડ ફોલ ઓફ હિન્દુ વિમેન (૧૯૫૨)

(૧૬) બુદ્ધ એન્ડ હિઝ ધમ્મ (૧૯૫૬)



# डॉ. खन्नाप्रसाद अमीन

| | | |
|---|---|---|
| जन्म तिथि | : | १ नवंबर, १९७३, गाँव - तालोद, त-बायड़, जनपद-अरवल्ली-३८३३४० ( गुज. ) |
| माता-पिता | : | श्री कानाभाई - श्रीमती केसरबहन |

**शिक्षा** : ए.टी.डी., एम.ए., बी.एड्, एम.फिल., पी-एच.डी., एल.एल.बी.

**प्रकाशन** : *(अ) पुस्तक :* १. डॉ. आंबेड़कर जीवन और संघर्ष, २. द्विवेदीयुग और पंडितयुग के नाट्यसाहित्य का तुलनात्मक अध्ययन, ३. निराला और उनका काव्य, ४. सूरजपाल चौहान की आत्मकथाओं में दलित विमर्श, ५. और दलित साहित्य, ६. दलित साहित्य और काव्य चिन्तन, ७. हिन्दी साहित्य विविध परिप्रेक्ष्य, ८. सत्ता के सोदागर ( काव्य संग्रह ), ९. आदिवासी साहित्य, १०. नारी अस्मिता और विमर्श, ११. आदिवासी उपन्यास : समय और संवेदना, १२. आदिवासी अस्मिता और विमर्श, १३. आदिवासी काव्य चिन्तन, *(ब) आलेख :* साहित्यिक पत्र-पत्रिकाओं में कई शोधपरक लेख, कविताएँ एवं कहानियाँ प्रकाशित।

**परिसंवाद एवं संगोष्ठी** : ( क ) राष्ट्रीय संगोष्ठियों में विषय विशेषज्ञ एवं प्रतिभागी के रूप में सक्रिय भागीदारी एवं प्रपत्र पठन।

**सम्मान** : प्रतिभाशाली दलित व्यक्ति विशेष सम्मान-दलित सेना, साबरकांठा प्रदेश, गुजरात के राज्यपाल महामहिम नवलकिशोर शर्माजी द्वारा। ( २००६ ), संनिष्ठ कला अध्यापक सम्मान गु.रा.क.शि.संघ,अहमदाबाद द्वारा सम्मानित। ( २००५ ), ब्रज गौरव : मानद उपाधि-आसरा समिति, बलदेव, मथुरा ( उत्तरप्रदेश ) द्वारा सम्मानित।( २००८ ), रवीन्द्रनाथ टैगोर लेखक पुरस्कार : महाराष्ट्र दलित साहित्य अकादमी, भुसावल, जिला-जलगांव द्वारा सम्मानित । ( २०११ ), बाबासाहब डॉ. आंम्बेड़कर राष्ट्रीय फेलोशिप सम्मान-२०११, भारतीय दलित साहित्य अकादमी, दिल्ली द्वारा सम्मानित, महाकवि निराला पारितोषिक, श्री सद्विद्या शिक्षण समाज सेवा ट्रस्ट, नडियाद द्वारा सम्मानित। डॉ. बाबासाहब अंबेड़कर सेवा सम्मान २०१७- से बुद्ध अंबेड़कर कल्याण एसोसिएशन ( उ.प्र. ) लखनऊ द्वारा सम्मानित।

**सम्पर्क** : **40,**शुभम् बंगलोज, धर्‌मी बंगलोज के पास, जोगणी माता रोड, बाकरोल - आणंद, गुजरात-**388315**

**चलभाष** : **09824956974, E-mail : khannaprasadamin@yahoo.in**